
## હૃદયને ગાતા ગીતો

### કુછ શેર સુનાતા હું




કુછ શેર સુનાતા હું મેં (2) જો તુઝસે મુખાતિબ હૈ
એક હુસ્ન પરી દિલ મેં હૈ,યે ઉનસે મુખાતિબ હૈ (2)
શીખી હૈ તુમસે ફૂલ ને, હંસને કી હર અદા
શીખી હવાને તુમસે હી, ચલને કી હર અદા
આઈના તુમકો દેખ કે, હૈરાન હો ગયા
એક બેજૂબાન તુમસે પરેશાન હો ગયા
કિતની ભી તારિફ કરું, રૂકતી નહીં જુબાં, રૂકતી નહીં જૂબાં
કુછ શેર સુનાતા હું મેં, જો તુમસે મુખાતિબ હૈ
એક હુસ્ન પરી દિલ મેં હૈ, યે ઉનસે મુખાતિબ હૈ (2)
હોંઠો કી લોચ રસ ભરી, શાખોં કી દાસ્તાન
નાજુક હઠેલિયોં પે વો, મહેદી કા ગુલીસ્તાન
પડ જાયે તુમ પે ધૂપ તો, સંવલાયે ગૌરાતન
મખમલ પે તુમ ચલો તો, છીલે પાંવ ગુલબદન
કિતની ભી તારિફ કરું, રૂકતી નહીં જૂબાં (2)
કુછ શેર સુનાતા હું મેં, જો તુમસે મુખાતિબ હૈ
એક હુસ્ન પરી દિલ મેં હૈ, યે ઉનસે મુખાતિબ હૈ (2)
આંખે અગર ઝૂકે તો, મહોબ્બત મચલ ઉઠે
નજરેં અગર ઉઠે તો, કયામત મચલ ઉઠે
અંદાઝ મેં હૂજૂર કા, સાની નહીં કોઇ
દોનોં જહાં મેં ઐસી, જવાની નહીં કોઇ
કિતની ભી તારિફ કરું, રૂકતી નહીં જૂબાં, રૂકતી નહીં જૂબાં
કુછ શેર સુનાતા હું મેં, જો તુઝસે મુખાતિબ હૈ
એક હુસ્ન પર દિલ મેં હૈ, યે ઉનસે મુખાતિબ હૈ (2)

**ગીતઃ** હસરત જયપુરી **સ્વરઃ** મુકેશ **સંગીતઃ** શંકર જયકિશન **ફિલ્મઃ** એક દિલ સૌ અફસાને **દિગ્દર્શકઃ** આર.સી. તલવાર **વર્ષઃ** 1963 **કળાકારોઃ** રાજકપૂર, વહીદા રહેમાન, લલિતા પવાર, સુલોચના ચેટરજી ટૂનટૂન, વિશ્વા મહેરા, જગદીશ રાજ, રાજકિશોર

**આ** ગીત એ હસરત જયપુરીએ લખ્યું છે જેમણે આ જા રે અબ મેરા દિલ પુકારા' (આહ), 'રસિક બલમા દિલ કયું લગાયા તુમસે...' (ચોરી ચોરે) 'અહેસાન તેરા હોગા મુઝ પર...' (જંગલી), 'આવાઝ દે કે હમેં તુમ બુલાઓ, મહોબ્બત મેં ઈતના ના હમકો સતાઓ...' (પ્રોફેસર), 'ઈતના હે તુમસે પ્યાર મુઝે મેરે રાઝદાં...' (સુરજ), 'તુમ મુઝે યું ભુલા ન પાઓગે...' (પગલા કહીં કા) બહારોં ફૂલ બરસાઓ મેરા મહેબૂબ આયા હૈ... (સુરજ), જેવાં ગીતો લખ્યા છે. હસરત સાહેબનાં ગીતોનું રોમેન્ટિસિઝમ બિલકુલ નોખું હતું. તેમના પ્રેમમાં સ્ત્રી કે પુરુષ અધિકાર નથી બતાવતાં બલ્કે કુદરતે આપેલા પ્રેમનું બંને થઈ જતન કરે છે. પ્રેમ કરવો તો પૂરા સમર્પિતભાવે કરવો. 'તુમને મુઝકો હસના સિખાયા, રોને કહોગે રો લેંગે અબ', અથવા કયા અજીબ રંગ મેં સજ રહી હે ખુદાઈ, કે હર ચીજ માલિકને સુંદર બનાયી, નદિયાં કા ચમકતા હે દરપન, મુખડા દેખે સપનોં કી દુલ્હન...' અને 'ઓ લાલી ફૂલ કી મહેંદી લગા ઈન ગોરે હાથો મેં/ઉત્તર આ એ ઘટા કાજલ, લગા ઈન પ્યારી આંખો મેં... સિતારોં માંગ ભર જાઓ, મેરા મહેબૂબ આયા હૈ...' રાજકપૂરે શૈલેન્દ્ર અને હસરતને હંમેશા સાથે રાખ્યા. શમ્મી કપૂર, રાજેન્દ્રકુમારને પણ હસરત વિના ચાલ્યું નથી. ક્યાંથી ચાલે? આ ગીત, 'કુછ શેર સૂનાતા હું...'માંથી પસાર થાઓ તો વધુ એક વાર કારણ સમજાશે.

આ ગીતમાં કેટલાક શેર છે જે તેને સંબોધીને કહેવાયા છે જેને તે ખૂબ ખૂબ ચાહે છે. પ્રેમી સીધું જ સંબોધન કરે છે, કુછ શેર સૂનાતા હું મેં જો તુઝસે મુતાલિબ હૈ.' કેટલાક શેર સંભળાવું છે જો તને સંબોધીને છે.' આટલું સ્પષ્ટ કહ્યા પછી 'એક હુસ્ન પરી દિલ મેં હૈ, યે ઉનસે મુખાતિબ હૈ...' બીજી જ પંક્તિમાં તે સંબોધન બદલે છે કારણ કે તે તેને હુસ્ન પરી કહે છે જે હૃદયમાં વસેલી છે. ને આ તેને સંબોધીને છે. એટલે કે આ તને તો જરૂર સંબોધું છું પણ તું તો એક એ હુસ્ન પરી છે જે વર્ષોથી હૃદયમાં હતી ને હું તેને સંબોધું છું. જાણે અચાનક એ પ્રેમી દૈવી બની જાય છે. કુદરતે આપેલી સૌગાદ સમી બની જાય છે.

આ પ્રેમીના મનમાં પાસે જે પ્રિયતમા છે તે સામાન્ય નથી, હુસ્ન પરી છે કુદરતની અનુપમ દેણ છે. સૌંદર્ય કુદરતથી અલગ નથી. બધાં રૂપો એકમેકમાં છે ને એકમેકથી પ્રભાવિત પણ છે, 'શીખી હૈ તુમસે ફૂલને હંસને કી હર અદા, શીખી હવાને તુમસે હી ચલને કી હર અદા, આઈના તુમકો દેખ કે હૈરાન હો ગયા, એક બે જૂબાન તુમસે પશેમાન હો ગયા, કિતની ભી તારિફ કરું રૂકતી નહીં જૂબાં... આ પંકિતઓ એક શ્વાસે આવી છે. પ્રિયતમને મન આ એક દૈવીરૂપ છે, એવું રૂપ કે જેમી અસર પ્રકૃતિએ ઝીલી હોય. ફૂલોએ શીખવાની બધી રીત તારી પાસેથી શીખી છે, હવાએ ચાલવાની દરેક રીત તારી પાસેથી શીખી છે, આઈનો પણ તને જોઈ ચકિત રહી ગયો (ઓહ, કોઈ આટલું સુંદર હોય?) તે તો બે જૂબાન છે, તેને જીભ નથી એ વાતે પ્રશ્ચાતાપ કરવા લાગ્યો કે હું મારે આ સૌંદર્ય વિશે આ રૂપ વિશે ઘણું કહેવું છે પણ શું કરું જીભ જ નથી. આઈનાને આજે પસ્તાવો થાય છે. (હસરત સાહેબ તમે કમાલ છો!)

આ ગીતના દરેક શેર પર વારી જવાનું મન થાય તેમ છે. 'હો થો કી લોચ રસ ભરી, શાખો કી દાસ્તાન/નાજુક હતેલીયોં પે વો મહેંદી કા ગુલીસ્તાન, પડ જાયે તુમ પે ધૂપ તો સંવલાયે ગૌરા તન, મખમલ પે તુમ ચલો તો છીલે પાંવ ગુલબદન...' કામ કોમલતા ને નાજુકતા કેવી છે! હોઠોનું લચીલાપણું હોથના લય છે તે રસથી ભર્યા ભર્યા છે. જે નાજુક હથેળી છે તેની પર જાણે મહેંદીનું આખું ગુલીસ્તાન છે. આખો ફૂલોનો બાગ છે. તારી પર જો જરાક તડકો પડે તો તરત તારું ગોરું શરીર કાળું પડી જાય. (એટલું એ ગોરું છે)ને કોમળ તો તું એવી છે કે મખમલ પર (પણ) ચાલે તો તારું ગુલાબ સમાં વદન પર છાલા પડે. (ઓહ! તો આવી હોય હુસ્ન પરી!) કિતની ભી તારિફ કરું, રૂકતી નહીં જૂબાં, રૂકતી નહીં જૂબાં...

દૈવી રૂપ શું હોઈ શકે તે તમે આ ગીતની કલ્પના પરથી નક્કી કરી શકો. હસરત સાહેબ કહે છે, 'આંખે અગર ઝૂકે તો મહોબ્બત મચલ ઉઠે/નજરેં અગર ઉઠે તો કયામત મચલ ઉઠે/અંદાજ મેં હૂજુર કા સાની નહીં કોઈ/દોનોં જહાં મેં ઐસી જવાની નહીં કોઈ...' આ સૌંદર્યનું શું કહેવું'! આંખ જો ઝૂકે તો પ્રેમ ઉપર તળે થઈ જાય, સ્વયં પ્રેમ પણ જાણે પોતાના નિયંત્રણમાં ન રહે ને નજર જો ઉઠે તો સ્વયં કયામત સ્વયં પ્રલય ઉપર-તળે થઈ જાય. એનાં જેવી સૈલી કોઈની નથી, બંને જગતમાં આવી યુવાની કોઈની નથી. આપણે પણ ગીતમાંથી પસાર થયા પછી એમ જ કહીશું.

હસરત સાહેબે આ ગીત રાજકપૂર અભિનીત ફિલ્મ માટે જ લખ્યું છે ને રાજકપૂર આ ગીત વહીદા રહેમાનને સંબોધીને ગાય છે. વહીદાજીને એક એવું ગીત મળેલું, 'ખુદા ભી આસમાં સે જબ જમીં પર દેખતા હોગા, મેરે મહેબૂબ કો કિસને બનાયા સોચતા હોગા...' વહીદાજી અલબત્ત એવાં સુંદર નહોતાં જેવાં મધુબાલા, વૈજયંતીમાલા હતાં પણ આ ગીતો તેમને વધારે સુંદર બનાવે છે.

# મૌસમી

## બહુ વહેલી સ્ટાર, બહુ વહેલી પત્ની અને મા બની ગયેલી



**મૌ**સમી ચેટરજી ટી.વી.ના રિયાલિટી શોમાં બહુ આવતી નથી પણ વચ્ચે કપિલ શર્મા શોમાં રીના રોય સાથે આવી હતી અને બહુ બિન્દાસ રીતે વાત કરતી હતી. અભિનેતા-અભિનેત્રીઓને આપણે તેમણે ભજવેલી ભૂમિકાથી જ જાણતા હોઈએ છીએ અને ધારી લેતા હોઈએ છીએ કે તેઓએ ભજવેલા પાત્ર જેવા કાંઈક હશે, પણ એપાત્ર તેમના નહીં, લેખક-દિગ્દર્શકના સર્જેલા હોય છે. પોતાને તો પોતે જ સર્જે મૌસમી ચેટરજીએ પોતાની જીવાયેલી જિંદગીને હવે હળવાશમાં પણ તીખી વાસ્તવિકતાના સ્વીકાર સાથે લીધી છે. આ 26મી એપ્રિલે તે 76મા વર્ષમાં પ્રવેશે છે. સંગીતકાર-ગાયક ફિલ્મ નિર્માતા હેમંતકુમારની આ પુત્રવધુ હિન્દી ફિલમોના પ્રેક્ષકો સામે એક સ્વભાવિક અભિનેત્રી તરીકે આવી છે. પાત્રો ફિલ્મી હોય તો પણ કેટલીક અભિનેત્રીઓ તેને એવી સહજતાથી રજૂ કરે કે તેનું ફિલ્મીપણું મટી જાય. મૌસમી ચેટરજી કોઈ ગ્લેમરસ અભિનેત્રી નહોતી. ખૂબ રૂપાળી પણ નહોતી. ખૂબ રૂપાળી પણ નહોતી પણ પરદા પર તેને જોવી ગમતી.

રૂપેરી

શક્તિ સામંત જે કેટલીક બંગાળી અભિનેત્રીઓને હિન્દી ફિલ્મોમાં લાવ્યા તેમાં શર્મિલા ટાગોર છે તો મૌસમી પણ છે. બંગાળીમાં બનેલી 'બાલિકા વધુ'ની મૌસમી બાલિકા વધુ હતી. એ ફિલ્મ શક્તિ સામંતે હિન્દીમાં બનાવી ત્યારે તેમાં રજની શર્મા હતી કારણ કે મૌસમીવાળી ફિલ્મ 1967માં બનેલી અને શક્તિ સામંતની હિન્દી 'બાલિકાવધુ' 1976ની ફિલ્મ છે. 26 એપ્રિલ 1948માં જન્મેલી મૌસમી 1976ની ફિલ્મ માટે બાલિકા નહોતી રહી અને વધુ બની ચુકી હતી, જો કે તમે તેને વાસ્તવિક જીવનમાં પણ બાલિકા વધુ કહી દો તો થોડાક વાંધા સાથે સ્વીકારી લેશો કારણ કે તે ફકત 15માં વર્ષે પરણેલી અને 17માં વર્ષે તો મા બની ચૂકી હતી. તે 10માં ધોરણમાં હતી અને લગ્ન નક્કી થઈ ગયેલા. કારણ એવું હતું કે તેની મમ્મીની મોટીબહેનને કેન્સર હતું અને તે તેની આ ભાણેજને પરણેલી જોવા માંગતી હતી. સસરા બનનારા હેમંતકુમારે કહ્યું કે અમને વાંધો નથી અને પરિક્ષા આફવાની બાકી રાખીને લગ્ન કરાયા.

પણ મૌસમીના જીવનમાં બધુ વહેલું જ થયું છે. 'બાલિકા બધુ' ફિલ્મમાં નાનપણમાં કામ કર્યું અને ખૂબ પ્રશંસા મળી. જયંત મુખરજીની પત્ની પણ વહેલી થઈ પણ મૌસમીને હવે એ વાતનો અફસોસ નથી. વહેલી આવી તો વધારે કામ કરવા મળ્યું. ફિલ્મોથી નિવૃત્ત થઈ તો પહેલાં કોંગ્રેસ અને પછી ભારતીય જનતાપક્ષમાં સક્રિય થઈ, બાકી તેના પિતા તો ભારતીય લશ્રમાં હતા અને દાદા જ હતા - મૌસમીનું સાચું નામ ઈન્દિરા છે-ઈન્દિરા ચટ્ટોપાધ્યાય.

1972ની 'અનુરાગ'માં મૌસમી પ્રથમવાર જોવા મળી એ ફિલ્મમાં તેનો હીરો વિનોદ મહેરા હતો. જેમ જયાપ્રદાની પહેલી હિન્દી ફિલ્મ ગૂંગી બહેરી તરીકે હતી તેમ મૌસમી તેની બીજી ફિલ્મ શશીકપૂર સાથેની 'નૈના' આવી અને એજ વખતે રાજ ખોસલાની 'કચ્ચે ધાગે' માં આવી.આ બધી ફિલ્મો વચ્ચે તેની અમિતાભ સાથેની 'બેનામ' આવી અને એ જ વર્ષે રાજેશ ખન્ના સાથેની 'હમશકલ' આવી. એ પછીની ફિલ્મ મનોજકુમારની રોટી કપડા ઔર મકાન છે દરેક દરેક ફિલ્મમાં તે મોટા સ્ટાર સાથે હતી. વિનોદ મહેરા સાથે તો 10 ફિલ્મોમાં કામ કર્યું અને તેની સાથેના સંબંધ પણ ચર્ચામાં આવેલા પણ અમિતાભ સાથે ય





બેનામ પછી મંઝિલ આવી જેનું ગીત રીમઝીમ ગિરે સાવન' આજે પણ ખૂબ જ લોકપ્રિય છે. 'મંઝિલ' ફિલ્મ મૂ બંગાળી, 'આકાશ કુસુમ' પરથી બનેલી. મૂળમાં સૌમિગ ચેટરજી અને અપર્ણા સેન હતા.

મૌસમી હિન્દીની સમાંતરે બંગાળીમાં કામ કરતી રહેલી એટલે ઉત્તમકુમાર સાથે પણ તેની ફિલ્મો છે. મૌસમીને ઘણા અભિનેતા સાથે કામ કરવા મળ્યું અને સંજીવકુમાર સાથે 'અંગુર' ઉપરાંત 'દાસી' અને 'ઈતની સી બાત' છે. સમયજતાં તેણે ઉંમર પ્રમાણે ભૂમિકા બદલવાની આવી તો તેમ કર્યું છે અને એટલે 'ઘાયલ'માં તે સની દેઓલની ભાભી હતી. બાકી બંગાળીમાં તે લાંબો હીરોઈન રહી અને હમણાં 2010માં 'ધ જાપાનીસ વાઈફ'માં તે ચરિત્ર ભૂમિકામાં હતી. મૌસમીએ કયારેય ટોપ પાંચ કે દસ અભિનેત્રીઓમાં એક ગણાવાની લડાઈ લડી નથી. તેણે તો વિનોદ મહેરા માટે 'સબ સે બડા રૂપૈયા'માં પણ કામ કરેલું અને શક્તિ સામંતની 'આનંદઆશ્રમ'ના શર્મિલા મુખ્ય અભિનેત્રી હતી તો પણકામ કરેલું. આનંદ આશ્રમ આમ તો 1940માં બનેલી ડોકટર ફિલ્મની વાર્તાનું નવું ફિલ્મીરૂપ હતી.

મૌસમીએ મનોરંજક ફિલ્મોમાં જે ફિલ્મો મળી તે સ્વીકારી અને તેમાં જીતેન્દ્ર સાથેની 'માગ ભરો સજના'પણ છે જેમાં મૌસમી ઉપરાંત રેખા છે. જીતેન્દ્ર સાથે તો જ્યોતિ બની જવાલા પણ છે પણ રિશી કપૂરની ડિમ્પલ સાથેની બોબી પછીની તરત ની ફિલ્મ ઝહરીલા ઈન્સાન માં મૌસમી હીરોઈન હતી. મૌસમીએ રાજકુમાર સાથે ચંબલ કી કમસમાં પણ કામ કર્યું અને જીતનેદ્ર સાથે ફરી 'પ્યાસા સાવ'માં પણ કામ કર્યું. તેની કારકિર્દી ઠેઠ 2013ની 'ગોયનાર બકસો ફિલ્મ સુધી લંબાયેલી છે. તેણે જયંત મુખરજી સાથેના લગ્નજીવનને અંગત રાખ્યું છે અને તે યોગ્ય પણ છે કારણ કે મૌસમીના પ્રેમસંબંધોની પણ અફવા ઉડતી રહી છે. અલબત્ત, તે સારું લગ્નજીવન જીવી છે પણ હા, તેની દિકરી પાયલને ટાઈપ વન ડાયાબિટીસ હતો અને 2018માં કોમમાં ગયાપછી 2019માં મૃત્યુ પામેલી. પણ તે પોતાના દુઃખો બતાવવા ટેવાયેલી નથી. રાજકારણમાં ગઈ છે પણકયારેય વિધાનસભા કે લોકસભાની સભ્ય બની નથી. ●



# દારૂ પીવો ક્યારે બંધ કરવો?.. રહેમાનનો મજેદાર કિસ્સો



પરદે કે પીછે

**ફિ**લ્મજગતમાં કોણ કેટલો દારૂ પીએ છે ને કોણ વધુ પીતા હતા તે પૂછવા જેવું નથી. ફિલ્મજગતનાં લોકોની સાંજ સામાન્યપણે દારૂથી જ છલકતી હોય છે. દારૂ પીવો અહીં સામાન્ય છે. કોઈ પોતાના નિયમ બનાવીને પીએ તો તેમની વાત. જેમકે દેવ આનંદ, રાજકપૂર, જીતેન્દ્ર વગેરેને પીવાના નિયમો હતા. જયારે ધર્મેન્દ્ર, રાજેશ ખન્નાને પીવામાં નિયમ ગમ્યો નથી. ગુરુદત્ત, મીનાકુમારીએ જુદા કારણે ખૂબ દારૂ પીધો. સંજીવકુમારનો દારૂ પણ કોઈ છોડાવી ન શકયું. પ્રાણસાહેબ પણ પીતા પણ પીવાનું શરૂ કરે પછી ગાલિબ, મીર જેવાની ગઝલો પર ચડી જાય અને દારૂની મહેફીલ ગઝલની મહેફીલ બનાવી દે.

આવા દારૂ પીનારામાં દેવ આનંદ, ગુરુદત્તના ખાસ મિત્ર રહેમાન પણ હતા. આ ત્રણે જયારે પૂણેના પ્રભાત સ્ટુડિયોમાં હતા ત્યારે એકમેકને વાયદા કરેલા કે જો મને કામ મળશે તો તને કામ આપીશ. દેવ આનંદે 'બાઝી' ફિલ્મનું નિર્માણ કર્યું તો ગુરુદત્તને દિગ્દર્શન સોંપ્યું અને ગુરુદત્તે જયારે 'સી.આઈ.ડી.'નું નિર્માણ કર્યું તો તેમાં દેવ આનંદ હીરો છે. જો કે ગુરુદત્ત દિગ્દર્શિત 'જાલ'માં પણ દેવસાબ જ હીરો છે. પણ ગુરુદત્તની દરેક ફિલ્મમાં જેમ તમને જોની વોકર દેખાશે, વહીદા રહેમાન દેખાશે તેમ રહેમાન દેખાશે. 'પ્યાસા'માં રહેમાન વિલન જેવા દેખાશે ને 'સાહિબ બીબી ઔર ગુલામ'માં એવા પિયક્કડ છે કે જેને પીવાનું છોડાવતાં સ્વયં 'છોટી બહુ' મીનાકુમારી



પીવા માંડે છે.

રહેમાન ઘરે પણ રોજ દારૂની મહેફિલ જામતી અને મિત્રો સાથે મોડી રાત સુધી ગપ્પા મારતા. એક રાતે આ પીનારા મિત્રો વચ્ચે અચાનક ચર્ચા ચાલી નીકળી કે પીનારા માણસને કયારે લાગે છે કે બસ, હવે દારૂ પીવો બંધ કરવો જોઈએ? દરેકે પોતપોતાની રીત કહી કે કોઈ ભાન જ ન રહે પછી મૂકી દેવો. કોઈ કહે ઉલ્ટી જેવું લાગવા માંડે તો બસ, હાથમાં પેગ હોય તો પણ મૂકી દેવો. કોઈ કહે પગ લથડિયાં ખાવા માંડે પછી બિલકુલ ન અડું. કોઈ કહે સામેનાં દશ્યો ધૂંધળાં લાગવા માંડે પછી નહીં પીઉં. વારો હવે રહેમાનનો હતો. રહેમાને પોતાની નોકરાણીને અવાજ લગાવ્યો કે 'કબાબ લે આઓ'. નોકરાણી કબાબ લાવી. તે કંઈક જાડી અને કાળી, કદરૂપી હતી. તે કબાબ મૂકીને પાછી રસોડામાં ગઈ એટલે રહેમાન બોલ્યા, 'જયારે મને આ નોકરાણી સુંદર લાગવા માંડે ત્યારે સમજી જાઉં કે હવે દારૂ નહીં પીવો જોઈએ. બધા દારૂમાં પણ હસી પડયા.

(એક વાર સલીમ-જાવેદ જોડીના સલીમ ખાન કપિલ શર્મા શોમાં આવેલા ત્યારે આ કિસ્સો કહેલો પણ એવું નહીં કહેલું કે તે રહેમાનનો કિસ્સો છે. પણ સલીમ ખાનના મિત્ર જયપ્રકાશ ચૌકસે જેવા કોલમિસ્ટ ને ફિલ્મ લેખક, વિતરક હતા. તેમણે રહેમાનનો કિસ્સો સલીમ ખાનને કહ્યો હોય તેમ બની શકે.) ●



# અરુણા કહે છે કે સેટ પર અમિતાભ સાવ ચૂપ જ રહેતા



**અ**રુણા ઈરાની આવનારી 16 ઓગસ્ટે 78મા વર્ષમાં પ્રવેશ કરશે. હિન્દી, ગુજરાતી, મરાઠી સહિત અનેક ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અરુણા ઈરાનીએ હમણાં એક ઈન્ટરવ્યુમાં ઘણી વાતો કરી છે. અરુણા ઈરાની એક અર્થમાં અમિતાભ બચ્ચનની પહેલી હીરોઈન (બોમ્બે ટુ ગોવા) હતી. તેણે હમણાં કહ્યું, કે અમે સાથે કામ કર્યું છે જરૂર, પણ સેટ પર તેઓ બધા સાથે બહુ મળતા નહોતા અને એકદમ અલગ રહેતા હતા જયારે રાજેશ ખન્ના અને શત્રુઘ્ન સિંહા દોસ્તની જેમ વાત કરતા.

યાદોં કી બારાત

અરુણા ઈરાનીએ મુમતાઝ સાથેની દોસ્તીની પણ વાત કરી છે, અરુણાએ 9 વર્ષની ઉંમરે અને મુમતાઝે 11 મા વર્ષે અભિનયની શરૂઆત કરેલી. અરુણા-મુમતાઝે 'પત્થર કે સનમ' અને 'બંધન' જેવી કેટલીક ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. અરુણા કહે છે કે અમારા વચ્ચે એટલી દોસ્તી હતી કે મુમતાઝના પહેરેલાં કપડાં હું પહેરી લેતી.

મુમતાઝ અને અરુણા વચ્ચેના સંબંધમાં મહેમુદ પણ છે કારણ કે બંનેની કારકિર્દી બનાવવામાં મહેમુદનો ઘણો સાથ હતો. એક અર્થમાં તે બંને મહેમુદની પ્રેમિકા હતી અને 'પત્થર કે સનમ'માં તો મહેમુદ પણ હતા.

1961ની 'ગંગા જમના'માં અરુણા ઈરાની પ્રથમ વાર આવી હતી અને ત્યાર પછી 'અનપઢ'માં તેણે માલાસિંહાના બચપણની ભૂમિકા ભજવી હતી. અરુણા ઈરાનીએ ખૂબ જ વૈવિધ્ય સાથે ફિલ્મોમાં કામ કર્યું છે. ●

